# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા, જીલ્લા પંચાયત સુરેન્દ્રનગર દ્વારા કાર્યરત સુરેન્દ્રનગર જીલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઇન ભરતી માટેની જાહેરાત સને. ૨૦૨૦/૨૧

આઈ.સી.ડી.એસ. શાખા, જીલ્લા પંચાયત સુરેન્દ્રનગર હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in)

| તાલુકા ની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલ ની ખાલી જગ્યા / સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલ ની ખાલી જગ્યા / સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧૦ | ૧૩ | ૧૩૫ | ૧૭૦ |

(૧) મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઇએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે. (માર્ગદર્શિકા મુજબ)

(૨) અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઇએ. (માર્ગદર્શિકા મુજબ)

(૩) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઇએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષ થી વધુ ન હોવી જોઇએ.

(૪) અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in/ ઉપર દર્શાવેલા સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધિ થયાથી દિન- ૨૧ માં તા.૨૪/૮/૨૦૨૦ થી ૧૩/૯/૨૦૨૦ (રાત્રીના ૧૨:૦૦ કલાક) સુધી માં કરવાની રહેશે.

(૫)ઓનલાઈન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.

(૬) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબ ની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર ની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે.જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પધ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.

(૭) આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

(૮) વધુ માહિતી માટે સુરેન્દ્રનગર જીલ્લાના સબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

સહી/-
( એસ.કે.હુદ્દા )
જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા પંચાયત સુરેન્દ્રનગર

Scanned with CamScanner